મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૧૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૫૧ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં 'સેકન્ડહેન્ડ' વસ્ત્રોનું બજાર વધુ ગરમ...!!

સેકન્ડહેન્ડ અથવા ડિફેક્ટિવ ઈમ્પોર્ટેડ ગરમ વસ્ત્રો સસ્તામાં ખરીદવાનો ટ્રેન્ડ : વિદ્યાર્થીઓ : ઉમેદવારો સહિત મધ્યમવર્ગ માટે ઢગલાં બજાર આકર્ષણરૂપ

ગાંધીનગર, તા.૧૨

પાટનગરમાં ઠંડીના આગમન સાથે જ ગરમ કપડાંના બજારમાં ઘરાકી વધી જવા પામી હતી. જો કે શહેરમાં હાલ નવાં ગરમ વસ્ત્રોના બજાર કરતા સેકન્ડહેન્ડ ગરમ વસ્ત્રોનું માર્કેટ વધુ ગરમ જોવા મળી રહ્યું છે અને શહેરમાં અનેક ઠેકાણે 'સેકન્ડ હેન્ડ' અથવા જેને ઢગલાં બજાર કહેવાય છે તેનો વેપાર કરતાં વેપારીઓ મોટી સંખ્યામાં તેમનો વ્યવસાય કરતા નજરે ચઢી રહ્યા છે. એટલું જ નહીં તેમને ત્યાં સારી એવી સંખ્યામાં ગ્રાહકો પણ જોવા મળી રહ્યાં છે. આ બજારમાં મોટે ભાગે ઈમ્પોર્ટેડ વિદેશી વસ્ત્રો વધુ જોવા મળી રહ્યા છે.

શહેરના સેકટર-૬ના મેદાનમાં તથા ઘ-૫ સર્કલ પાસેના મેદાનમાં તિબેટિયન વેપારીઓ દ્વારા ગરમ વસ્ત્રોનું બજાર ચલાવાઈ રહ્યું છે. તેની સાથે આ મેદાનમાં સેકન્ડહેન્ડ ગરમ વસ્ત્રો વેચતા વેપારીઓ અન્ય ડૉમમાં અથવા ખુલ્લામાં ઢગલો કરીને વેપાર કરતા નજરે ચઢી રહ્યાં છે. આ ઉપરાંત શહેરમાં સે-૨૧ માર્કેટમાં, સે-૨૪માં તથા રિલાયન્સ ચોકડી અને શાહપુર ચોકડી નજીક પર આ પ્રકારના વેપારીઓ નજરે ચઢી રહ્યા છે. જેઓ સેકન્ડહેન્ડ ગરમ વસ્ત્રોનું વેચાણ કરી રહ્યા છે. જો કે આ વેપારીઓને ત્યાં સામાન્ય ડિફેક્ટ સાથેના અને એક્સપોર્ટમાં રિજેક્ટેડ માલ કહેવાય તેવા બ્રાન્ડેડ વસ્ત્રોનું પણ સસ્તામાં વેચાણ કરાઈ રહ્યું છે જેથી ગ્રાહકોને તેનું આકર્ષણ જોવા મળી રહ્યું છે. શહેરના સે-૨૪માં સેકન્ડહેન્ડ વસ્ત્રોનો વેપાર કરતા એક મોટા વેપારી દ્વારા દર વર્ષે સેકટર-૬ના મેદાનમાં ગરમ વસ્ત્રોનો વેપાર કરવામાં આવે છે. આ વેપારીને ત્યાં તોલ ઉપર ૪૦ રૂપિયે કિલોથી માંડીને ૬૦ રૂપિયે કિલોના ભાવે નાના બાળકોથી માંડીને મોટા વ્યકિત સુધીના ગરમ વસ્ત્રોનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. શાહપુર ચોકડી નજીક ઢગલાં બજાર પણ ગ્રાહકોને આકર્ષી રહ્યું છે.

શહેરમાં મધ્યમવર્ગ તથા બહારથી આવીને રહેતા નોકરિયાતો ઉપરાંત મોટી સંખ્યામાં રહેતા સ્પર્ધાત્મક પરીક્ષાઓના ઉમેદવારો સહિતના હોસ્ટેલ્સમાં રહેતા શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ બજારના સૌથી વધુ ગ્રાહકો છે જેમને સસ્તામાં સારી બ્રાન્ડના કપડાં જેવા કે સ્વટેર, ટોપી, જેકેટ, મફલર, પાયજામા, બર્મુડા, ટીશર્ટ કે ટ્રાઉઝર્સ મળી રહ્યાં છે. શહેરમાં તિબેટીયન બજાર સહિત દુકાનદારો દ્વારા વેચવામાં આવતા નવા ગરમ વસ્ત્રોના ઊંચા ભાવો પણ આ માર્કેટમાં ઘરાકી વધારી રહ્યા છે તેવું કેટલાકનું માનવું છે પરંતુ ગ્રાહકની વસ્ત્રો પસંદ કરવાની આવડત આ બજારમાં વધુ મહત્વની ગણાય છે.

હાશ! ડુંગળીના ભાવ અડધા તો થયા

ગાંધીનગર, તા.૧૨

શહેરમાં ડુંગળીના ભાવ છેવટે અડધા થયા છે. જેથી ગૃહિણીઓ સાથે રેસ્ટોરન્ટ ધારકો અને શહેરીજનોમાં ડુંગળી ખરીદવા માટે માર્કેટમાં દેખાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ડુંગળીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો હતો. જેના ભાવ હવે અડધા થયા છે. પહેલા ડુંગળીનો ભાવ લગભગ ૧૩૦ રૂપિયે કિલો સુધીનો હતો જે હાલ શહેરમાં ૭૦ રૂપિયે કિલોએ વેચાઈ રહી છે.

ગુજરાતમાં ડુંગળીનું સૌથી વધુ ઉત્પાદન સૌરાષ્ટ્રમાં થાય છે અને સંગીહીત ઉત્પાદન હાલ ત્યાંથી બજારમાં આવી રહ્યું છે. ખેડૂતોના હાથમાં ડુંગળીનું વેચાણ

આવતા જ લગભગ ડુંગળીના ભાવ અડધા થઈ ગયા છે. હાલ ડુંગળીના ભાવ જથ્થાબંધ રૂ. ૩૦ થી ૬૫ અને છુટક ૭૦ થી ૯૦ રૂપિયા એમ છે. આમ તો ચોમાસા બાદ ડુંગળીના ભાવમાં દર વર્ષે વીસ થી પચ્ચીસ ટકાનો વધારો થતો હોય છે પરંતુ આ વર્ષે ડબલભાવ વધારો થવાથી શહેરીજનો નાખુશ હતાં.

હાલ બજારમાં ડુંગળી લગભગ પહેલાના ભાવથી અડધા ભાવમાં વેચાઈ રહી છે. જે બાબત ધ્યાનમાં આવતા જ ગૃહિણીઓ ખુશ થઈ છે. તેમના કહ્યા મુજબ ડુંગળીના ભાવ જયારે સો રૂપિયાથી વધુ થયા ત્યારે અમે ડુંગળી ખરીદવાનું વિચારતા જ નહતા પરંતુ હાલ ડુંગળીના ભાવ અડધા થતા અડધો કિલો ડુંગળી તો અમે ખરીદી શકીશું. રેસ્ટોરન્ટ ધારકોએ પણ હવે ડુંગળીની ગ્રેવી સાથે સલાડ આપવાનું શરૂ કરી દીધું છે. શહેરીજનો વધુ તો નહિ પરંતુ અડધો કિલો ડુંગળી શહેરના બજારમાંથી ખરીદી રહ્યા છે.

સિસિકા દ્વારા નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

સિનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર વૈષ્ણવ સમાજના સંયુકત ઉપકમે શેઠ સી.એમ. કોલેજ ઓફ ફિઝીયોથેરાપીના સહયોગથી નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પ સે-૨૧ સ્થિત હવેલી મંદિર ખાતે યોજાયો હતો. જેમાં હાડકા તથા સાંધાના રોગો અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા કસરતો કરાવવામાં આવી હતી. આ કેમ્પનો ભાગ ૮૦ જેટલા દર્દીઓએ લીધો હતો.

સિસિકા દ્વારા યોજાયેલ નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પમાં ફિઝીયોથેરાપી ડોકટર રૂચીરભાઈ અને ડૉ. ઉર્વેશ તથા તેમના નર્સિંગ સ્ટાફે પાંચેય દિવસ હાજર રહીને કેમ્પને સફળ બનાવ્યો હતો. સિસિકાના પ્રમુખ એચ.બી. શાહ, મંત્રી બી.ડી. શાહ, કન્વીનર દશરથભાઈ પરમાર, પાલ્લીયાભાઈ, દંષ્ટિ મનહરભાઈ શાહ, મીનાબેન શાહ, આશાબેન દોશી, અનીલાબેન રાણા, હવેલી મંદિર સે-૨૧નો તમામ સ્ટાફ, બી.જે. શાહ, યોગેશ ગાંધી, દાસકાકા, જે.એલ. શાહ, હરજીવનભાઈ પંચાલ તથા સંસ્થાના તમામ સભ્યોનો પૂરતો સહયોગ રહ્યો હતો. સંસ્થાના પ્રમુખ બી.ડી. શાહ દ્વારા કાર્યમાં સહયોગી તમામ સભ્યોનો આભાર માની ભવિષ્યમાં પણ સર્વેનો સાથ અને સહકાર મળે તેવી વિનંતી કરી હતી.

અપોલો હોસ્પિટલ ખાતે નવા હાઈટેક ઈમરજન્સી ડિપાર્ટમેન્ટનું ઉદઘાટન કરાયું

ગાંધીનગર, તા.૧૨

અપોલો હોસ્પિટલ ગાંધીનગર ખાતે નવા હાઈટેક ઈમરજન્સી ડિપાર્ટમેન્ટ **'ER 2.0'**નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. જેનો ઉદ્દેશ હોસ્પિટલ ન્યુરોલોજીક પરિણામોમાં સુધારો લાવવાની સાથે સ્ટ્રોકને કારણે અપંગતા અને પેરાલિસિસ ઘટાડવાની છે. આ ડિપાર્ટમેન્ટમાં ૧૮ બેડને ઈમર્જન્સી ડિપાર્ટમેન્ટ સાથે અદ્યતન મેડીકિલ ઉપકરણો અને સુવિધાઓ પ્રસ્થાપિત કરવામાં આવી છે. જે સાથે ડૉકટરો ટ્રોમા દર્દીઓની તપાસથી લઈ તાત્કાલિક સર્જરી એક જ જગ્યાએ કરી શકશે. હોસ્પિટલે ગુજરાતની પ્રથમ અને એકમાત્ર સ્ટ્રોક રેડી હોસ્પિટલ તરીકેનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે. **'ER 2.0'** ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ તરીકે ડૉ. સંજય શાહની નિમણુંક કરવામાં આવી છે.

સમર્પણ કોલેજ ખાતે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના અભ્યાસક્રમોની માહિતીનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૨૮ ખાતેની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આગામી તા. ૧૭મી ડિસેમ્બર મંગળવારે સવારે ૧૦.૧૫ કલાકે રૂમ નં. ૩૦૭ ખાતે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી પ્રોગ્રામ સંદર્ભે માહિતીપ્રદ કાર્યક્રમનું તથા એકસપર્ટ ગાઈડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ સર્ટિફિકેટ કોર્સ, ડિપ્લોમા કોર્સ તેમજ ડિગ્રી પ્રોગ્રામ સંદર્ભે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે. આ વિશેષ કાર્યક્રમમાં ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના પ્રાદેશિક નિયામક ડૉ. અવનીબેન ત્રિવેદી તથા સમર્પણ એજયુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસાના રજીસ્ટ્રાર ડૉ. એમ.ડી. પાંડે વિશેષ ઉપસ્થિત રહેશે. જેનો લાભ લેવા રસ ધરાવતા વિદ્યાર્થીઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

૪૨ ગામ કડવા પાટીદાર સમાજ બચત મંડળ ગાંધીનગર દ્વારા રજત જયંતિ પર્વ નિમિત્તે 'વહુ હાઈ-ફાઈ સાસુ વાઈ-ફાઈ' નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ તથા ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ૯૦૦થી વધુ શહેરીજનોએ આ નાટકને માણ્યું હતું.

શહેરમાં અલગ-અલગ સ્થળેથી બે બાઈક ચોરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં બાઈક ચોર બેફામ બન્યા છે. શહેરમાં ભીડભાડવાળી જગ્યા પરથી વાહનચોરીને અંજામ આપે છે ત્યારે શહેરના સેકટર-૨૬ ગ્રીનસીટી અને એસટી ડેપોમાંથી બાઈક ચોરીના કિસ્સા સામે આવ્યા છે. બનાવ અંગે સેકટર-૨૧ અને સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે બાઈક ચોર શખ્સોને પકડવા માટે ચકો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સાબરકાંઠા જિલ્લાના વડાલી નજીક આવેલા લખેડા કંપાના વતની જીતેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ પટેલ ગાંધીનગર સેકટર-૨૬ ગ્રીનસીટી પ્લોટ નં. ડી.૩૧ ખાતે કેયુર ભટ્ટના મકાનમાં ભાડુઆત તરીકે વસવાટ કરે છે અને રાંધેજા માર્કેટ યાર્ડ ખાતે અગરબત્તીનો વેપાર કરે છે. સેકટર-૨૬ ગ્રીનસીટીથી રાંધેજા આવન-જાવન માટે બાઈક નં. જી.જે.૦૬.એફ.એસ-૮૮૨૬ નો ઉપયોગ કરે છે. તેઓ ગત તા.૩ ડિસેમ્બરના રોજ રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં ઘર પાસે પાર્ક કર્યું હતું. જયારે તા.૪ ના રોજ સવારે ઉઠીને જોયું તો બાઈક પાર્ક કરેલી જગ્યાએ ન હતું. બાઈક અંગે શહેરના જુદાજુદા વિસ્તારમાં તપાસ કરી હતી.પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. કોઈ ભુલથી લઈ ગયુ હશે તો પરત મુકી જશે તેમ જોઈને રાહ જોઈ હતી. પરંતુ બાઈક અંગે તપાસ કરવા છતા નહી મળી આવતા પોલીસે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં સેકટર-૫ સી ખાતે રહેતા હર્ષદ રમેશભાઈ ગોહિલ અમદાવાદ રામોલ ટ્રાફિક વિભાગના આઈ ડીવીઝનમાં અનાર્મ હે.કો. તરીકે ફરજ બજાવે છે ત્યારે હર્ષદભાઈ ગત તા.૨-૧૨-૧૯ ના રોજ સવારે ૭.૩૦ કલાકે બાઈક નં.જી.જે.૧૮.સી.જે.૨૩૧૯ લઈને ગાંધીનગર એસટી ડેપો ખાતે આવ્યા હતા. ગાંધીનગરથી જશોદાનગર એસટી બસમાં બેસીને રામોલ નોકરી પર ગયા ગયા. પોતાનું બાઈક એસટી ડેપો ગાંધીનગર ખાતે પ્લેટફોર્મ ૧ ખાતે પાર્ક કર્યું હતું. નોકરી પર જઈને જવાન પરત ફર્યા બાદ બપોરના ૪ કલાકે આવીને જોયુ તો બાઈક ન હતું. બાઈક ચોરી અંગે સે-૭ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

ખ-માર્ગ પર ટ્રાફિક સિગ્નલ્સથી વિવાદ

ટ્રાફિકજામની સ્થિતિ સર્જાતી ના હોવા છતાં ટ્રાફિક સિગ્નલ શરૂ કરાતા વાહનચાલકોને અડચણરૂપ લાગ્યા : સીસીટીવી કેમેરાથી ઈ-મેમોની બીકે કમને સિગ્નલ્સનું પાલન : આદત મુજબ દોડતા વાહનો અચાનક સિગ્નલ જોઈ બ્રેક મારતા પડતાં બચ્યાં

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં હવે ધીમે ધીમે દરેક ચાર રસ્તે ટ્રાફિક સિગ્નલ શરૂ કરવામાં આવી રહ્યા છે. શરૂઆતમાં 'ચ' રોડ અને 'ઘ' રોડ પર ટ્રાફિક સિગ્નલ કાર્યરત કરાયા બાદ હવે 'ખ' માર્ગ પર ટ્રાફિક સિગ્નલ કાર્યરત કરાયા છે. જો કે આ માર્ગ પર ટ્રાફિકની ગીચતા ચ રોડ અને ઘ રોડ જેટલી ના હોવાથી વાહનચાલકોને 'ખ' માર્ગ પર શરૂ કરવામાં આવેલા ટ્રાફિક સિગ્નલ અડચણરૂપ અને બિનજરૂરી લાગી રહ્યા છે. વળી, અચાનક શરૂ થયેલા ટ્રાફિક સિગ્નલ્સને કારણે વાહનચાલકોને રેડ લાઈટ જોવાનું ધ્યાનમાં નથી આવી રહ્યું જેને કારણે અસમંજસની સ્થિતિમાં વાહનને અચાનક બ્રેક મારવી કે પછી ટ્રાફિક લાઈટ રેડ હોય તો પણ ધસી જવું જોવી સ્થિતિ સર્જાઈ રહી છે.

શહેરના 'ખ' માર્ગ પર 'ખ-૫' અને 'ખ-૬' સર્કલે ટ્રાફિક સિગ્નલ શરૂ કરી દેવામાં આવ્યા છે. 'ખ-૫' સર્કલ નજીક એલડીઆરપી કેમ્પસ તથા આઈઆઈટીઈ જેવી સંસ્થાઓ આવેલી છે જેને કારણે અહીં યુવા વિદ્યાર્થી વાહનચાલકોની સંખ્યા કોલેજના સમયગાળામાં વધુ જોવા મળે છે. આ સાથે 'ખ-૬' સર્કલે પણ ટ્રાફિક સિગ્નલ શરૂ કરાયું છે. તો ઘ-૬ થી ટાટા ચોકડી વચ્ચેનો ટ્રાફિક જોવા મળે છે. ખ-૫ અને ખ-૬ સર્કલ પર અત્યાર સુધી ટ્રાફિક સિગ્નલ નહોતા એટલે અહીંથી પસાર થતા વાહનચાલકોને તેની આદત નહોતી પરંતુ હવે, અહીં પણ ટ્રાફિક સિગ્નલ શરૂ થઈ જતા રોજીંદા વાહનચાલકો ટ્રાફિક સિગ્નલ જોયા વગર જ આદતાનુસાર પસાર થઈ રહ્યા હોય છે ત્યારે અચાનક રેડલાઈટ પર નજર પડી જાય ત્યારે સીસીટીવી કેમેરાથી ઈ-મેમો આવી જવાની બીકે વાહનચાલક અચાનક બ્રેક મારે છે જેના કારણે તેની પાછળ આવતા વાહનો સાથે ટક્કર થઈ જવાની શકયતા ઉભી થઈ જાય છે. કેટલાક વાહનચાલકોને તો સર્કલની વચ્ચોવચ પહોંચ્યા પછી ટ્રાફિક લાઈટનો અહેસાસ થાય છે. આ બંને સર્કલે કેટલાક ટુવ્હિલર ચાલકો અચાનક બ્રેક મારવાને કારણે પડતાં માંડ બચ્યાં હોય તેવી સ્થિતિ સવારે સર્જાઈ હતી. જયારે ફોર વ્હિલર કે રીક્ષા જેવા વાહનોની અચાનક બ્રેકના કારણે નાના અકસ્માત સર્જાતા માંડ માંડ બચ્યાં હોય તેવા દેશ્યો પણ જોવા મળ્યા હતા.

શહેરના ચ માર્ગ અને ઘ માર્ગની સરખામણીએ આ સર્કલો પર ટ્રાફિક ઘણો ઓછો હોય છે અને ટ્રાફિક જામની સ્થિતિ પણ સર્જાતી નથી તેવા સંજોગોમાં આ માર્ગ પર ચાલુ કરાયેલા ટ્રાફિક સિગ્નલ્સ વાહનચાલકોને બિનજરૂરી અને પરેશાનીરૂપ લાગી રહ્યાં છે.

મુવી હાઉસ

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ
(૩-ડી હિન્દી) ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૨૦.૪૫
મર્દાની-૨
૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૫૦, ૫.૧૫, ૭.૪૦, ૧૦.૦૫
પતિ પત્નિ ઔર વો
૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૩૦
પાનીપત
૧૨.૪૫, ૭.૦૦
હેલ્લારો (ગુજરાતી)
૫.૪૦
કમાન્ડો ૩ - ૧૨.૨૫

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ
(૩-ડી હિન્દી) ૯.૩૦, ૧૨.૦૫, ૨.૪૫, ૫.૨૫, ૮.૦૫, ૨૦.૪૫
(અંગ્રેજી) ૧૦.૩૦, ૯.૩૦
મર્દાની-૨
૧૦.૨૫, ૧૨.૪૫, ૩.૦૫, ૮.૧૫, ૧૦.૩૫
પતિ પત્નિ ઔર વો
૧૦.૫૦, ૧.૩૫, ૪.૨૦, ૧૦.૧૫
પાનીપત
૯.૫૦, ૩.૫૫, ૧૦.૦૫
કમાન્ડો-૩ - ૧.૧૦
હેલ્લારો (ગુજરાતી)
૩.૫૫

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ
(૩-ડી હિન્દી) ૧૨.૩૫, ૨.૫૫, ૫.૧૫, ૭.૪૦, ૧૦.૦૫
(અંગ્રેજી) ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૩૫, ૨.૧૫, ૪.૫૫, ૭.૩૫, ૯.૧૫, ૧૦.૧૫
પતિ પત્નિ ઔર વો
૯.૩૦, ૧૨.૩૫, ૩.૪૦, ૬.૩૦, ૯.૫૫
પાનીપત
૧૨.૧૦, ૬.૨૫
કમાન્ડો-૩ - ૪.૦૫

આજે ગાંધીનગરમાં

● વચનામૃત જ્ઞાનવર્ષા મહોત્સવ અંતર્ગત સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે સવારે ૮ વાગ્યે શોભાયાત્રા બપોરે ૨.૩૦ વાગ્યે જ્ઞાનવર્ષા નગરયાત્રા તથા રાત્રે ૮ વાગ્યે પ્રેરણાદાયી રાસ તથા વચનામૃત જ્ઞાનગોષ્ઠી યોજાશે.

શિવરંજની દ્વારા આપણું મળવું ગઝલ કહેવાય છે સંગીત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

શહેરની જાણીતી શિવરંજની સંસ્થા દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી તા. ૧૪ ડિસેમ્બરના રોજ 'આપણું મળવું ગઝલ કહેવાય છે' શિર્ષકથી ગઝલ અને સૂફી ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શનિવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ટાઉનહોલ સે-૧૭ ખાતે આયોજીત આ કાર્યક્રમમાં સુરીલી સરગમ-સલીલ મહેતા દ્વારા સુફીયાના માહોલની સુરીલી સાંજનો અનુભવ થાય તેવી ગઝલ તેમના સાથી સીનીયર કલાકારો નયન પંચોલી, કલ્યાણી કૌઠાળકર અને અર્ચિતા પાટડિયા રજૂ કરશે. કાર્યક્રમનું સંચાલન ડૉ.રઈશ મનીઆર, સંગીત સંચાલન મયૂર દવે અને સંગીત સંકલન કલ્યાણી કૌઠાળકર દ્વારા કરવામાં આવશે. શહેરીજનોને આ કાર્યક્રમનો લાભ લેવા સંસ્થાના પ્રમુખ વાગ્મિન બૂચ દ્વારા જણાવાયું છે.

ચિરવિદાય

● સ્વ. કાજલ જૈમીલ સેજપાલ, ઉ.વ. ૩૦
● સ્વ. દંતાણી લાલાભાઈ બાબુભાઈ, ઉ.વ. ૪૧
● સ્વ. ચૌધરી જયોતિકાબેન ઈશ્વરભાઈ, ઉ.વ. ૫૩
● સ્વ. ઠાકોર તખાજી ભગાજી, ઉ.વ. ૭૦
● સ્વ. આચાર્ય હરિવદન માણેકલાલ, ઉ.વ. ૯૬
● સ્વ. પટેલ વિઠ્ઠલભાઈ હરગોવનદાસ, ઉ.વ. ૮૩